ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરમાં સતત ત્રીજા વર્ષે પ્રેરણા બાળરથયાત્રા યોજાઈ






સૅક્ટર-૫ એ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલય દ્વારા સતત ત્રીજા વર્ષે બાળ રથયાત્રાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ રથયાત્રા સૅક્ટર ૨,૩,૪,૫ અને ૬ સૅક્ટરમાંથી પસાર થઈ હતી, જ્યાં મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

પ્રેરણા વિદ્યાલય ખાતેથી કનૈયાલાલ પંડ્યા, કેશરીસિંહ બિહોલા, પ્રદિપસિંહ બિહોલા, હિમાંશુ ભચ્ચે, નટુભા જાડેજા, જયેશભાઈ આગજા, તેજાભાઈ દેસાઈ, હિરલબેન જોષી, બ્રહ્માકુમારી તપસ્વિની, રાજેન્દ્ર પારેખ, ઘનશ્યામસિંહ ગોલ, કેયુર દેસાઈ, પૃથ્વીસિંહ ચાવડા, નરેશભાઈ શાહ, આર એમ પટેલ, મનીષભાઈ ખત્રી, ગોપાલસિંહ સોલંકી દ્વારા સવારે રથયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. સમગ્ર યાત્રાના રથ નશાબંધી સૂત્રોથી ઓપતા હતા. ઈશ્વરની પ્રતિકૃતિ બનીને બેઠેલા વિદ્યાર્થીઓ, રથની બંને તરફ યુનિફોર્મમાં સજ્જ એસપીસીના સભ્યો, વિદ્યાર્થીઓ, શિક્ષકોએ અનોખું આકર્ષણ ઊભું કર્યું હતું. સૌએ 'જય રણછોડ, માખણચોર'ના બૂલંદ નારાથી વાતાવરણને આનંદ અને ઉલ્લાસથી ભરી મૂક્યું હતું. ભાવિકો જગન્નાથના દર્શન કરીને ગદ્ગદિત થઈ ઉઠ્યા હતા. સ્થાનિક વસાહત મંડળો, સંસ્થાઓ અને પ્રેરણા વિદ્યાલય તથા સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓના વાલીઓએ પોતાને ત્યાં રથયાત્રા પહોંચી ત્યારે ભરપૂર પરોણાગત કરી રથયાત્રામાં સ્નેહનો રંગ પણ પૂરી દીધો હતો. આ રથયાત્રાને કારણે શહેરની સ્વચ્છતામાં કોઈ અડચણ ન આવે તે બાબતનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ માર્ગમાંનો કચરો જાતે જ એકઠો કરીને કચરાપેટી સુધી પહોંચાડ્યો હતો.

યાત્રાનું સમાપન સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે કરવામાં આવ્યું હતું. રથના દાતા પ્રદિપસિંહ ચંપાવત અને છગનલાલ પંચાલ ઉપરાંત કનૈયાલાલ પંડ્યા અને પ્રદિપસિંહ બિહોલાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સિટ્યુટ ઑફ ટેક્નોલોજીના વિદ્યાર્થીઓ રૉબોટીક્સ ઈવેન્ટમાં રનર્સ-અપ બન્યા



ગાંધીનગર, તા. ૫

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સિટ્યુટ ઑફ ટેક્નોલોજીના વિદ્યાર્થીઓ નેશનલ લેવલ રોબોટીક્સ ઈવેન્ટ જી.ટી.યુ. રોબોકોન- ૨૦૧૯ ની સ્પર્ધામાં રનર્સ-અપ બન્યા છે.

ગાંધીનગર-માણસા હાઈવે પર આવેલ બાપુ ગુજરાત નૉલેજ વિલેજની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સિટ્યુટ ઑફ ટેક્નોલોજીના ઈ.સી. ડિપાર્ટમેન્ટનાં જિગ્નેશ માળી અને તેની ટીમે જી.ટી.યુ. રોબોકોન - ૨૦૧૯ ની નેશનલ લેવલની સ્પર્ધામાં ઑલ ઈન્ડિયા લેવલે સેકન્ડ રનર્સ-અપ તરીકે સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

આ ઉપરાંત તા. ૦૩/૦૭/૨૦૧૯ ના રોજ ઈન્જીનીયરીંગનો અભ્યાસ કરતાં દરેક વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય-આંતર રાષ્ટ્રીય લેવલના રોબોટીક્સ અને ઓટોમેશન કોમ્પીટીશનની માહિતી આપવાના હેતુસર જી.ટી.યુ. રોબોકોન ટીમના સભ્યો દ્વારા 'રોબોટિક્સ અવેરનેસ' પ્રોગ્રામનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઈ.સી. ડિપાર્ટમેન્ટના પ્રો. પ્રતિક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. નેશનલ લેવલની સ્પર્ધામાં રનર્સ-અપ થઈ સંસ્થાનું ગૌરવ વધારવા બદલ સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને આચાર્ય ડૉ. કિંજલ અધ્વર્યુએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.




એસ. જી. અને એસ.વી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધોરણ-૧ના ૪૮૦ વિદ્યાર્થીઓએ કાંકરિયાની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓ વિવિધ પ્રાણી પક્ષીઓથી પરિચિત થાય તે આ મુલાકાતનો મુખ્ય હેતુ હતો. કાંકરિયામાં વિદ્યાર્થીઓએ પ્રાણી સંગ્રહાલય અને નોક્ટર્નલ ઝૂની મુલાકાત લીધી હતી. આ વિઝિટમાં વિદ્યાર્થીઓ સાથે શાળાના શિક્ષક તેમજ સેવક ભાઈઓ જોડાયા હતા.



ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાયફલ ઍસોસિએશન દ્વારા ૩૦ મીટર ઍર રાયફલ શૂટિંગ સ્પર્ધાનું આયોજન શનિવારે સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, સૅક્ટર-૧૨ ખાતે કરવામાં આવ્યું હતું. શાળા, કૉલેજ, સંસ્થાઓ તથા ઓપન વિભાગમાં થઈને ૧૦૦ જેટલા સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધાના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે નરપતસિંહ બાહડ, સંસ્થાના પ્રમુખ મહેશભાઈ સોલંકી, સેક્રેટરી હિતેન્દ્રસિંહ રાઠોડ, ખજાનચી ગજેન્દ્રસિંહ બારડ ઉપસ્થિત રહ્યા હતા. ઍસોસિએશનના મૅમ્બર હરિસિંહ, હિરલ સોલંકી અને વિજયસિંહે સ્પર્ધાની સફળતા માટે સક્રિય સહયોગ આપ્યો હતો. રેન્જ ઓફિસર તરીકે મહેન્દ્રકુમાર મહેતા અને યુવરાજસિંહે કામગીરી બજાવી હતી. ૮૦ જેટલા સ્પર્ધકોને સર્ટીફિકેટ્સ અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. યુથ બોય્ઝ વિભાગમાં અનુક્રમે મંથન ત્રિવેદી, મનમીત ચંપાવત, બ્રહ્માનંદ રાજ, જુનિયર બોય્ઝમાં મીતકુમાર પરમાર, યશરાજસિંહ વાઘેલા, વસીમ અખ્તર, ઓપન બોય્ઝ વિભાગમાં વિશ્વરાજસિંહ રાઠોડ, તાલવિયા કિર્તનકુમાર, કિશન ડાભી, યુથ ગર્લ વિભાગમાં સ્નેહા દશરથભાઈ પંચાલ, હિમપ્રિયા જયવીરસિંહ ચૌહાણ, ભાર્ગવી મુકેશભાઈ શ્રીમાળી, જુનિયર ગર્લ વિભાગમાં કાવ્યા જોષી, અંકિતા યાદવ, તનુ શર્મા અને ઓપન ગર્લ વિભાગમાં હેમંતા પરમાર, ગિરા પ્રિયદર્શી અને ચેતના ચાવડા વિજેતા બન્યાં હતાં.

## જન્મદિને વધામણી



એલ જે રાજગુરુ
મો. ૯૪૨૭૯ ૬૬૬૮૧



પ્રહલાદભાઈ એમ જાની
મો. ૮૧૪૦૪ ૮૯૦૧૮



હૃદય ચક્રવર્તી

# હું સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવા માગું છું, માર્ગદર્શન આપશો




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. હું સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવા માંગુ છું. પણ મારો પ્રશ્ન એ છે કે ત્રણ દળ એટ્લે કે ભૂમી, હવાઈ કે નૌકા દળમાંથી કયા ક્ષેત્રે આગળ વધવું હિતાવહ રહેશે?**

**- વિજયસિંહ ચાવડા, પેથાપુર**

સૌપ્રથમ તો આપને અભિનંદન કે આપ ડિફેન્સ એટ્લે કે સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવા માંગો છો.હવે તમારા પ્રશ્ન ની ચર્ચા કરીએ એ પહેલા આપને જણાવી દઈએ કે આપે આ ત્રણેય દળ જેને આપણે આર્મી , નેવી અને એઈરફોર્સ તરીકે ઓળખીએ છીએ એમાં શી કામગીરી કરવાની હોય છે.સૌપ્રથમ આર્મી એટ્લે કે ભૂમી દળ ની વાત કરીએ તો આ ક્ષેત્રમાં મુખ્યત્વે આપનું કારી જમીનિરૂપે જ થવાનુ છે. એના માટે આપ બી.એસ.એફ, સી. આર.પી. એફ. અને મિલેટરી જેવા વિભાગોનું ચયન જે તે પરીક્ષા ઉત્તીર્ણ કરી ને કરી શકો છો.જેમાં આપણે દેશ ના કોઈ પણ ક્ષેત્ર માં બોર્ડર ઉપર અથવા અંતળિયાળ ક્ષેત્ર માં પણ કામ આપી શકે



છે.હવાઈ દળ ની વાત કરીએ તો આ ક્ષેત્રમાં પણ આપે પાઈલટ સિવાય ના દરેક વિભાગમાં હવાઈ ક્ષેત્ર સાથે જોડયેલ સરકારી કાર્યાલય માં સેવા આપવાની રહે છે.જો આપ પાઈલટ બનો છો તો આપને યુદ્ધ ના ક્ષેત્ર માં જઈ ને દેશ ની રક્ષા કરવાનો લાભ મળી શકે છે.એ સિવાય નૌકા દળ માં મોટા ભાગે આપની સેવા સમુદ્ર ની વચ્ચે કોઈ જહાજ ઉપર અથવા કોઈ બંદર ઉપર આપવાની રહે છે.જેમાં આપે અમુક માહિનાઓ માટે સમુદ્ર ની વચ્ચે પણ રહેવું પડી શકે.હવે આપના પ્રશ્ન ઉપર આવીએ તો સૌપ્રથમ એ સમજી લો કે આપ સંરક્ષણ ના કોઈ પણ ક્ષેત્ર માં આગળ વધો દરેક ક્ષેત્ર માં આપે પરોક્ષ અથવા પ્રત્યક્ષ રીતે દેશ ની સેવા અને રક્ષા કરવાનું જ સૌભાગ્ય પ્રાપ્ત થવાનું છે.અને એ પણ જણાવી દઈએ કે આ દરેક ક્ષેત્ર માં આપે સખત મહેનત અને વિપરીત પરિસ્થિતી નો સામનો પણ કરવો પડી શકે છે તથા આપે અમુક મહિનાઓ માટે પરિવાર થી અલગ પણ જવું પડી શકે છે.આ દરેક વાત નો અંદાજ રાખી અને જો આપ સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવા માંગો છો તો આપ ને આ જણાવેલ ત્રણેય ક્ષેત્ર માંથી કોઈ પણ એક ક્ષેત્ર માં આપણે રુચિ હોય એ ક્ષેત્ર માં આગળ વધી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. મેં આ વર્ષે જ બી.કોમ પૂરું કરેલ છે. યુ. પી. એસ. સી.ની પરીક્ષા અને તેમાં લેવાતા ઇન્ટરવ્યુ વિશે માહિતી આપશો.**

**- અશોક રાઠોડ, માણસા**

આપના પ્રશ્ન પરથી ખ્યાલ આવે છે કે આપ યૂ.પી.એસ.સી. સિવિલ સર્વિસિસ (સી.એસ.)ની વાત કરી રહ્યા છો. સિવિલ સર્વિસિસની પરીક્ષા ત્રણ તબક્કામાં થતી હોય છે. પ્રથમ તબક્કો જેને પ્રિલિમ્સ (પ્રાથમિક) પરીક્ષા કહેવાય છે. તેમાં બે ભાગ હોય છે – એપ્ટિટ્યૂડ ટેસ્ટ (સી.એસ.એ.ટી) અને જનરલ સ્ટડીઝ (જી.એસ.). તેમાં ઉતીર્ણ થયા બાદ આપે સિવિલ સર્વિસિસ મેઈન્સની (મુખ્ય) પરીક્ષા આપવાની રહે છે. તેમાં કુલ નવ પેપર હોય છે. તેમાંથી બે પેપર ભાષાના હોય છે—એક પેપર કોઈ પણ ભારતીય ભાષાનું અને બીજું પેપર અંગ્રેજી ભાષાનું. નિબંધ લેખન પર એક પેપર હોય છે. તદુપરાંત બે પેપર જનરલ સ્ટડીઝ અને બે પેપર ઓપ્શનલ સબ્જેક્ટ એટ્લે આપડે સિલેક્ટ કરેલા




વિષયોમાંથી હોય છે. મુખ્ય પરીક્ષા પાસ કર્યા બાદ, ઈન્ટરવ્યૂ લેવાતા હોય છે. અને તે પણ પાસ કર્યા બાદ આપનું મેરીટ લિસ્ટ બને છે. મેરીટ પ્રમાણે પછી સિવિલ સર્વિસિસમાં જગ્યા મળતી હોય છે. સિવિલ સર્વિસિસ જેમ કે આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.આર.એસ. વિગેરેમાં મેરીટ પ્રમાણે જગ્યા મળી શકે છે. ઈન્ટરવ્યૂ માટે આપે વ્યવસ્થિત તૈયારી કરવાની રહે છે. સામાન્ય રીતે ઈન્ટરવ્યૂમાં પેનલ હોય છે. ઈન્ટરવ્યૂ તમારી માનસિક સ્થિરતા અને ક્ષમતા ચકાસે છે. આપ કરંટ અફેર્સ નિયમિત વાંચો તેવી અપેક્ષા હોય છે. આપના ગ્રેજ્યુએશનના વિષયો ઉપર આપની મજબૂત પકડ હોવી જોઈયે. ઈન્ટરનેટ પર યૂ.પી.એસ.સી. ઈન્ટરવ્યૂના નામે ચાલતા ઘણા બધા પ્રશ્નો હકીકતમાં યૂ.પી.એસ.સી.ના હોતા નથી અને તેથી આવા પ્રશ્નોથી ભ્રમિત થવું નહીં. જો ઈન્ટરવ્યૂમાં કોન્ફિડંટ હશો તો આપ ચોક્કસ ઈન્ટરવ્યૂ પાસ કરી શકશો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલકરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું એમ.એ માં અભ્યાસ કરું છું.એમ.બી.એ અને બૅંકિંગ કે એસ.એસ.સી માંથી કયો વિકલ્પ સારો રહેશે?**

**- પ્રીતિ કુમારી, ગાંધીનગર**

બંને વિકલ્પ સારા છે. બૅંક અને એસ. એસ. સી.ની પરીક્ષા પાસ કર્યા પછી આપ કોઈપણ રાષ્ટ્રીયકૃત બૅંક અથવા તો કેન્દ્ર સરકારમાં નોકરી મેળવી શકો છો. એમબીએ કર્યા પછી પણ ખુબજ સારું કરિયર બની શકે છે. એમ.બી.એ. કરો તો કોઈ પ્રખ્યાત કોલેજમાંથી કરશો તો વધુ ફાયદો થશે. તમને બેન્ક અથવા એસ.એસ.સી.માં વધારે રસ છે તો તમે એ ક્ષેત્રમાં પણ આગળ વધી શકો છો. એક વસ્તુ અહિયાં



જણાવવા માંગીશું કે આપ એમ.બી.એ. કર્યા પછી પણ સરકારી નોકરી અથવા તો બૅંકમાં નોકરી મેળવી શકો છો. એમ.બી.એ. થયા પછી અમુક ચોક્કસ ભરતી આવા ઉમેદવારો માટે થતી હોય છે. તેની લયકાત એમ.બી.એ. હોવાથી તેમાં સ્પર્ધા એટ્લે ક કોમ્પિટિશન પણ ઓછી હોય છે. એટ્લે કે આપ એમ.બી.એ. થયા પછી પણ રાષ્ટ્રીયકૃત બૅંક અથવા કોઈ સરકારી સંસ્થામાં જોબ મેળવી શકો છો. બંને પરીક્ષા માટેની તૈયારી લગભગ સરખી હોય છે, તફાવત જે હોય છે તે પ્રશ્નોના મુશ્કેલીના સ્તરમાં હોય છે. સામાન્ય જ્ઞાન એટ્લે કે કરંટ અફેર્સનું વાંચન જરુર થી રાખજો, તે આપને બંને પરીક્ષામાં મદદ રૂપ થશે. અત્યારે મોટાભાગની એમ.બી.એ. લગતી પ્રવેશ પરીક્ષાઓ આવી ચૂકી છે અથવા થઈ ચૂકી છે. હવે ૨૦૧૯માં આપ મોટાભાગની પ્રવેશ પરીક્ષા આપી શકશો જે લગભગ નવેમ્બર મહિનાથી ચાલુ થાય છે. એટ્લે હાલ આપ આવતી બૅંક અથવા એસ.એસ.સી. ની પરીક્ષાઓ આપી શકો છો અને એમ.બી.એ.ની પરીક્ષા જો આપને આપવા યોગ્ય લાગે તો તે આપ ૨૦૧૯માં આપી શકો છો. લગભગ એક સરખી તૈયારી સાથે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુક: www.facebook.com/questions.careercorner

## દક્ષિણ આફ્રિકાની દરખાસ્ત

કાઠિયાવાડ એટલે નાનાં અનેક રાજ્યોનો મુલક. અહીં મુસદ્દીવર્ગનો પાક તો ભારે હોય જ. રાજ્યો વચ્ચે ઝીણી ખટપટ, હોદ્દો જમાવવા સારુ ખટપટ, રાજાના કાચા કાન, રાજા પરવશ. સાહેબોના પટાવાળા સમાન ખુશામત; શિરસ્તેદાર એટલે દોઢ સાહેબ, કેમકે શિરસ્તેદાર એ સાહેબની આંખ, તેના કાન, તેનો દુભાષિયો. શિરસ્તેદાર ધારે એ જ કાયદો શિરસ્તેદારની અવક સાહેબની આવક કરતાં વધારે ગણાતી. આ વાતાવરણ મને ઝેર સમાન લાગ્યું. હું મારી સ્વતંત્રતા કેમ બચાવી શકીશ એ વિચાર મને રહ્યા જ કરે. હું ઉદાસીન બન્યો.

150 ગાંધીયાત્રા

પોરબંદરમાં ઍડમિનિસ્ટ્રેશન હતું. ત્યાં રાણાસાહેબને સારુ કંઈક સત્તા મેળવવાનો પ્રયત્ન કરવાનો હતો. મેર લોકોની પાસેથી વધારે પડતી વિઘોટી લેવાતી હતી. તે બાબત પણ મારે ત્યાંના ઍડમિનિસ્ટ્રેટરને મળવાનું હતું. મેં જોયું કે ઍડમિનિસ્ટ્રેટર દેશી હતા, ઘતાં તેમનો રુઆબ તો સાહેબથીયે વધારે હતો. તેમનામાં હોશિયારી હતી. પણ તેમની હોશિયારીનો લાભ રૈયતને બહુ મળ્યો એમ હું ન જોઈ શક્યો. રાણા સાહેબને થોડી સત્તા મળી. મેર લોકોને તો કંઈ જ ન મળ્યું એમ કહેવાય. તેમનો કેસ પૂરો તપાસાયો એમ પણ મને ન લાગ્યું. એટલે અહીં પણ હું પ્રમાણમાં નિરાશ થયો. મને લાગ્યું કે ઈન્સાફ ન મળ્યો. ઈન્સાફ મેળવવા સારુ મારી પાસે સાધન નહોતું. બહુ થાય તો મોટા સાહેબને અપીલ કરાય. તેનો શેરો થાય, 'અમે આ કામમાં વચ્ચે નથી પડી શકતા.' આવા ફેંસલાની પાછળ જો કોઈ કાયદા કાનૂન હોય તો આશા રહે. અહીં તો સાહેબની મરજી તે કાનૂન. હું અકળાયો.

દરમ્યાન ભાઈની પાસે પોરબંદરની એક મેમણ પેઢીનું કહેણ આવ્યું: 'આમારો વેપાર દક્ષિણ આફ્રિકામાં છે. અમારી પેઢી મોટી છે. અમારો એક મોટો કેસ ચાલે છે. દાવો ચાળીસ હજાર પાઉંડનો છે. કેસ ઘણો વખત થયાં ચાલી રહ્યો છે. અમારી પાસે સારામાં સારા વકીલબારિસ્ટરો છે. જો તમારા ભાઈને મોકલો તો તે અમને મદદ કરે ને તેને પણ કંઈક મદદ મળે. તે અમારો કેસ અમારા વકીલને સારી રીતે સમજાવી શકશે. વળી, તે નવો મુલક જોશે ને ઘણાં નવાં માણસોની ઓળખાણ કરશે.'

ભાઈએ મારી પાસે વાત કરી. હું આ બધાનો અર્થ સમજી ન શક્યો.મારે માત્ર વકીલને સમજાવવાનું કામ જ કરવું પડશે કે કોર્ટમાં પણ જવું રહેશે એ ન જાણી શક્યો. પણ હું લલચાયો.

દાદા અબદુલ્લાના ભાગીદાર મરહૂમ શેઠ અબદુલ કરીમ ઝવેરીની ભેટ મારા ભાઈએ કરાવી. શેઠે કહ્યું: 'તમને ઝાઝી મહેનત નહીં પડે. અમારે મોટા ગોરાઓની સાથે દોસ્તી છે. એમની તમે ઓળખાણ કરશો. અમારી દુકાનમાં પણ તમે મદદ કરી શકશો. અમારે અંગ્રેજી પત્રવ્યવહાર ઘણો રહે છે. તેમાં પણ તમે મદદ કરી શકશો. તમારું રહેવાનું અમારા બંગલામાં જ થશે, એટલે તમારા ઉપર કંઈ જ ખર્ચ નહીં પડે.'

મેં પૂછ્યું : 'મરી નોકરી તમે કેટલી મુદત સુધી માગો છો? મને તમે પગાર શું આપશો?' તમારું કામ એક વર્ષથી વધારે નહીં પડે. તમને ફર્સ્ટ ક્લાસનું આવવાજવાનું ભાડું ને રહેવા તથા ખાધા ખર્ચ ઉપરાંત ૧૦૫ પાઉંડ આપીશું.' આ કંઈ વકીલાત ન કહેવાય. આ નોકરી હતી. પણ મારે તો જ્યાં ત્યાંથી હિંદુસ્તાન છોડવું હતું. નવો મુલક જોવા મળશે ને અનુભવ મળશે તે જુદો. ૧૦૫ પાઉંડ ભાઈને મોકલીશ એટલે ઘર ખર્ચમાં કંઈક મદદ થશે. આમ વિચાર કરી મેં તો પગાર વિષે રકઝક કર્યા વિના શેઠ અબદુલ કરીમની દરખાસ્ત કબૂલ રાખી ને દક્ષિણ આફ્રિકા જવા તૈયાર થયો.

'સત્યના પ્રયોગો'માંથી સાભાર